જમ્મુ કાશ્મીરમાં ચાર જગ્યા પર હુમલા

જમ્મુ,તા. ૫

જમ્મુ કાશ્મીરમાં એક સાથે ચાર આતંકવાદી હુમલાથી દેશભરમાં ખળભળાટ મચી ગયો છે. વિધાનસભાની ચૂંટણીમાં બે તબક્કામાં ઉંચુ મતદાન થયા બાદ આતંકવાદીઓ હચમચી ઉઠ્યા છે અને એક પછી એક હુમલાઓ કર્યા છે. આ હુમલાઓમાં કુલ લેફ્ટી કર્નલ અને જેસીઓ સહિત સેનાના સાત જવાન, ત્રણ પોલીસ જવાન અને છ આતંકવાદીઓ માર્યા હતા.અન્ય એક આતંકવાદી પણ માર્યો ગયો હતો. ત્રાસવાદીઓએ જુદા જુદા વિસ્તારમાં હુમલાની શરૂઆત આજે વહેલી પરોઢે સેનાના બેઝ કેમ્પ પર હુમલો કરીને કરી હતી. જમ્મુ કાશ્મીરના ઉરી સેક્ટરમાં આર્મી બેઝ કેમ્પ પર ગ્રેનેડો ઝીંક્યા બાદ આજે સવારે ત્રાસવાદીઓએ ભીષણ હુમલો કર્યો હતો. જેમાં છ જવાન સહિત સાત સુરક્ષા કર્મી માર્યા ગયા હતા. જેમાં સેનાના ચાર જવાન અને પોલીસના ત્રણ જવાન શહીદ થયા હતા. આમાં છ ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. તાજેતરના સમયના સૌથી ભીષણ હુમલા તરીકે આને ગણવામાં આવે છે. આજના હુમલા બાદ ફરી એકવાર ચૂંટણી રક્તરંજિત બનવાની દહેશત ઉભી થઇ ગઇ છે. આ ભીષણ અથડામણમાં બે ત્રાસવાદીઓને પણ મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. પ્રાપ્ત અહેવાલ મુજબ ત્રણ-ચાર ત્રાસવાદીઓ બારામુલ્લા જિલ્લાના ઉરી શહેરમાં એલઓસી નજીક આર્મી કેમ્પમાં ઘુસી ગયા હતા. ત્યારબાદ અંધાધુંધ ગોળીબાર કર્યો હતો. આ હુમલો એવા સમય પર કરવામાં આવ્યો છે જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી જમ્મુ કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી માટે પ્રચાર કરવા માટે પહોંચનાર છે. ગયા સપ્તાહમા પણ આંતરરાષ્ટ્રીય સરહદ નજીક સુરક્ષા દળો અને ત્રાસવાદીઓ વચ્ચે અથડામણ થઇ હતી. જેમાં એક જવાનનુ મોત થયું હતુ. ઉરી સેક્ટરમાં ૩૧ ફિલ્ડ રેજિમેન્ટના કેમ્પમાં આ બનાવ બન્યો હતો.હુમલો કરવામાં આવ્યા બાદ માહિતી મળતા જ પોલીસ કાફલો પણ પહોંચી ગયો હતો. વહેલી સવારે ત્રાસવાદીઓએ કેમ્પ પર ગોળીબાર કર્યો હતો. મોતનો આંકડો વધી શકે છે. કારણ કે અથડામણ હજુ ચાલી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ટાર્ગેટ બનાવવાની હિલચાલ લશ્કર એ તોયબા દ્વારા કરવામાં આવી રહી છે. સુરક્ષા સંસ્થાઓએ ૮મી ડિસેમ્બરના દિવસે કાશ્મીર ખીણમાં વડાપ્રધાન મોદીની પ્રથમ વિશાળ ચુંટણી રેલીને લઈને હાઈએલર્ટની જાહેરાત પહેલાથી જ કરી છે. મોદીની યાત્રા પહેલા આ હુમલો ખતરનાક સંકેત આપે છે. મોદીને ટાર્ગેટ બનાવવા ખીણમાં લશ્કર એ તોયબાના ચારથી પાંચ આત્મઘાતી હુમલાખોરો સક્રિય થયા હોવાના ગુપ્ત અહેવાલ મળ્યા છે. સુરક્ષા અધિકારીઓએ જે વિસ્તારમાં મોદી રેલી કરનાર છે ત્યાં સુરક્ષા વ્યવસ્થા મજબુત કરી દેવામાં આવી છે. વડાપ્રધાન ખીણના શ્રીનગર અને અનંતનાગ શહેરમાં બે ચુંટણી રેલી કરનાર છે. પક્ષના ઉમેદવારો માટે તેઓ સ્ટાર પ્રચારક તરીકે રહ્યા છે. આ વિસ્તારમાં મતદાન ૧૪મી ડિસેમ્બરના દિવસે યોજાશે. બે રેલી ઉપરાંત વડાપ્રધાન ચાર વધુ રેલીઓ પણ સંબોધનાર છે. ૧૨મી ડિસેમ્બરે તેઓ રાજોરી અને કથુઆમાં રેલીને સંબોધનાર છે.૧૬મી ડિસેમ્બરે મોદી જમ્મુમાં એમએ સ્ટેડિયમ ખાતે એક રેલી કરશે. જ્યારે અન્ય એક રેલી બિલાવર અને બસોલી મત વિસ્તારમાં કરશે. જમ્મુ કાશ્મીરમાં પ્રથમ બે તબક્કામાં ઉંચું મતદાન નોંધાયું છે. પાંચ તબક્કામાં વિધાનસભાની ચુંટણી યોજાનાર છે. જે પૈકી બીજા તબક્કામાં ૭૧ ટકા મતદાન થયું હતું. જમ્મુ કાશ્મીરમાં મતદાનની ટકાવારીમાં સતત વધારો થયો છે. સમગ્ર કાશ્મીર ખીણમાં પણ એક દિવસમાં ત્રણ હુમલા બાદ હાઈએલર્ટની જાહેરાત કરાઈ છે. ૯મી ડિસેમ્બરે ત્રીજા તબક્કામાં મતદાન યોજાનાર છે. ઉરીમાં આર્મી કેમ્પ ખાતે કુલ ૧૬ લોકો માર્યા ગયા હતા જેમાં સાત જવાનોનો સમાવેશ થાય છે. લેફ્ટી કર્નલ અને જેસીઓ પણ શહીદ થયા હતા. અન્યત્ર જુદી જુદી જગ્યાએ બીજા ત્રણ હુમલા થયા હતા.

કાશ્મીરમાં ઘણા આતંકવાદી ઘુસી ગયા હોવાના અહેવાલ

જમ્મુ,તા. ૫

જમ્મુ કાશ્મીરમાં મોટા પાયે ત્રાસવાદીઓ સક્રિય થયેલા છે તે બાબતની ફરી સાબિતી મળી છે. હજુ પણ મોટા હુમલા થવાની શક્યતા દેખાઈ રહી છે. કારણ કે અગાઉ ઘુસણખોરી કરી ચુકેલા ત્રાસવાદીઓ હવે પરિસ્થતિનો લાભ લઈને મોટા હુમલાને અંજામ આપી શકે છે. રાજ્યમાં હવે મોટા પાયે તપાસ ઓપરેશન હાથ ધરવા અને ગુપ્ત માહિતીના આધાર પર શંકાસ્પદ સ્થળો પર દરોડા પાડવાની તાકીજની જરૂર છે. તેવો મત તમામ સંરક્ષણ નિષ્ણાંતો આપી રહી છે. રાજ્યમાં મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ હજુ છુપાયેલા છે. કોમ્બિગ ઓપરેશને સતત જારી રાખવાની જરૂર છે. શકાસ્પદ લોકોની હિલચાલ પર નજર રાખવાની જરૂર છે. કેટલાક સ્થાનિક કટ્ટરપંથીઓનો ટેકો ત્રાસવાદીઓ ધરાવે છે. જેથી વારંવાર હુમલાને અંજામ આપવામાં સફળતા મળે છે. હાલ ત્રાસવાદી ગતિવિધી અને ઘુસણખોરીમાં એકાએક વધારો થયો છે. જેથી ચિંતાજનક સ્થિતી ઉભી થઇ છે. રાજ્યમાં હાલ વિધાનસભાની ચૂંટણી ચાલી રહી છે. જમ્મુ કાશ્મીરમાં આગામી દિવસોમાં વધુ હુમલાને લઈને સુરક્ષા દળો હવે સાવધાન થઇ ગયા છે.

ટ્વીટર પર બધા વિદેશ મંત્રીમાં સુષ્મા સ્વરાજ સૌથી આગળ

નવી દિલ્હી,તા. ૫

ભારતના વિદેશ પ્રધાન સુષ્મા સ્વરાજ ટ્વીટર પર ફોલોર્સની સંખ્યાની દ્રષ્ટિએ તમામ વિદેશ પ્રધાનો કરતા આગળ છે. દુનિયાના દેશોના વિદેશ પ્રધાનો કરતા સ્વરાજ ખુબ આગળ છે. ટ્વીટરે કહ્યું છે કે ભારતના સુષ્મા સ્વરાજ સૌથી વધુ ફોલોઅર્સ ધરાવનાર વિદેશ પ્રધાન છે. તેમના ફોલોઅર્સની

સંખ્યા ૧૭૩૭૮૦૪ છે. તેઓ સંયુક્ત અરબ અમિરાતના વિદેશ પ્રધાન અબ્દુલ્લ બિન જાયદ કરતા આગળ છે. જાયદના ૧૩૮૦૫૭૪ ફોલોઅર્સ છે. આવી જ રીતે વેનેઝુએલાના વિદેશ પ્રધાન એલિયાસ બાઉઆના ફોલોઅર્સની સંખ્યા ૭૫૮૧૯૮ નોંધાઇ છે. આ રેકિંગના આંકડા નવેમ્બરના અંત સુધી તમામ વિદેશ પ્રધાનોના ફોલોઅર્સના આધાર પર જારી કરવામાં આવ્યા છે. સુષ્મા સ્વરાજ નવેમ્બર ૨૦૧૦માં ટ્વીટર સાથે જોડાયા હતા. હવે હવે તેમના ફોલોઅર્સની સંખ્યા સતત વધી રહી છે. ફોલોઅર્સની સંખ્યાના મામલે વડાપ્રદાન નરેન્દ્ર મોદી ત્રીજા નંબરના વિશ્વ નેતા છે. તેમના ફોલોઅર્સની સંખ્યા ૮૩.૯ લાખની આસપાસ છે. મોદીતી આગળ અમેરિકી પ્રમુખ બરાક ઓબામા અને પોપ ફ્રાન્સીસ રહ્યા છે. ટ્વિટરે કહ્યું છે કે મોદી હજુ અમેરિકી પ્રમુખ બરાક ઓબામા કરતા ખુબ પાછળ છે. કારણ કે ઓબામાના ફોલોઅર્સની સંખ્યા ૪.૯૧ કરોડની આસપાસ છે. જ્યારે પોપ ફ્રાન્સીસના ફોલોઅર્સની સંખ્યા ૧.૬ કરોડ છે. જો કે ભારતના વડાપ્રધાન બન્યા બાદ મોદીની લોકપ્રિયતા અતિ ઝડપથી વિશ્વમાં વધી રહી છે. વિશ્વના સૌથી લોકપ્રિય નેતા તરીકે મોદી ઉભરી રહ્યા છે. ભારતમાં તેઓ ખુબ લોકપ્રિય છે. લોકસભાની ચૂંટણીમાં તેમના જાદુના આધાર પર ભાજપે ઐતિહાસિક જીત મેળવી હતી. ભાજપે પ્રચંડ બહુમતિ સાથે જીત મેળવી હતી. અન્ય રાજ્યોમાં પણ તેમની લોકપ્રિયતાના લીધે ભાજપે હાલ જીત મેળવી છે.

પંજાબના ગુરૂદાસપુર જિલ્લામાં બનાવ બન્યો

આઇ કેમ્પ ઓપરેશનમાં ૬૦ લોકોએ રોશની ગુમાવી

અમૃતસર,તા. ૫

પંજાબના ગુરૂદાસપુર જિલ્લામાં એક એનજીઓ દ્વારા આયોજિત આઈ કેમ્પમાં ઓપરેશન બાદ ઓછામાં ઓચા ૬૦ લોકોએ પોતાની આંખોની રોશનની ગુમાવી દેતા ભારે વિવાદ થઇ ગયો છે. પંજાબની સરકાર સામે પણ પ્રશ્નો ઉઠા રહ્યા છે.અધિકારીઓએ વિગત આપતા કહ્યું છે કે રોશની ગુમાવી દેનાર લોકો પૈકી ૧૬ લોકો અમૃતસરના છે. જ્યારે અન્ય ગુરૂદાસપુરના નિવાસી છે. આ તમામને અમૃતસર અને ગુરૂદાસપુરના ઈએનટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બનાવને સમર્થન આપતા અમૃતસરના અધિકારી રવિ ભગતે કહ્યું છે કે ૧૬ અસરગ્રસ્ત લોકોને હવે સહાયક પ્રોફેસર કરમજીત સિંહની દેખરેખ હેઠળ રાખવામા આવ્યા છે. શહેરના ઈએનટી હોસ્પિટલમાં તેમની સારવાર થઇ

રહી છે. સિંહે કબુલાત કરી હતી કે આ તમામ લોકોએ સ્થાયી રીતે રોશની ગુમાવી દીધી છે. ભગતે કહ્યું હતું કે આઈ કેમ્પમાં ઓપરેસન કરનાર તમામ તબીબો અંગે માહિતી મેળવી લેવા અને તેમની સામે કાર્યવાહી કરવા માટે ઉચ્ચસ્તરીય તપાસનો આદેશ આપી દેવામાં આવ્યો છે.બનાવ અંગે માહિતી આપતા અમૃતસરના સિવિલ સર્જન રાજીવ ભલ્લાએ કહ્યું છે કે તમામ દર્દીઓના ઓપરેશન આશરે ૧૦ દિવસ પહેલા ગુરૂદાસપુર જિલ્લાના ઘુમન ગામમાં એક આઈ કેમ્પમાં કરવામાં આવ્યા હતા. આ બનાવ અંગે માહિતી એ વખતે સપાટી પર આવી છે જ્યારે તમામ ૧૬ દર્દીઓ દ્વારા ભગત અને એનજીઓ તેમજ સંબંધિત તબીબો સામે ફરિયાદ કરવા સંપર્ક કર્યો હતો ભલ્લાએ કહ્યું હતું કે કુલ ૬૦ લોકો હતા જે પૈકી ૧૬ અમૃતસરના હોવાનુ જાણવા મળ્યું છે. મોટી સંખ્યામાં લોકોએ આખની રોશની ગુમાવી દેતા આને લઈને વિવાદ થઈ ગયો છે. તબીબો સામે નારાજગી છે.

બંગાળમાં મુસ્લિમ સભ્યોમાં ઉલ્લેખનીય વધારો : ભાજપ

કોલકત્તા,તા. ૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વધતા લોકપ્રિયતાનો લાભ હવે ઊાજપને જોરદાર રીતે મળી રહ્યો છે અન્ય રાજ્યોની જેમ પશ્ચિમ બંગાળમાં પમ ભાજપની સ્થિતી દિન પ્રતિદિન મજબુત બની રહી છે. જેથી ડાબેરીઓ અને મમતા બેનર્જીની પાર્ટી તૃણમૂળ કોંગ્રેસની ઉંઘ હરામ થઈ ગઇ છે. ભાજપમાં વધુને વધુ સભ્યો સામેલ થઈ રહ્યા છે. સામાન્ય ચૂંટણી બાદ બંગાળમાં મુસ્લિમ સભ્યોની સંખ્યામાં વધારો થયો છે. કુલ આંકડો ૧.૨ મિલિયન સુધી પહોંચી ગયો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. ભાજપના વરિષ્ઠ નેતા કહે છે કે વિકાસ માટે કટિબદ્ધતાના કારણે તથા આક્રમક સભ્ય નોંધણી ઝુંબેશથી ફાયદો થયો છે. સામાન્ય ચૂંટણી બાદ સીપીઆઈએમ અને તૃણમૂળના અનેક મુસ્લિમ સમર્થકો પણ હવે ભાજપમાં સામેલ થયા છે. રાજ્ય ભાજપ પ્રમુખ રાહુલ સિંહાએ કહ્યું હતું કે લોકસભાની ચૂંટણી બાદ મુસ્લિમો અમારી પાર્ટીમાં સામેલ થઈ રહ્યા છે. પાંચમી નવેમ્બરના દિવસે સભ્ય નોંધણી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. એક અંદાજ મુજબ હવે મુસ્લિમ સમુદાયમાંથી પણ ભાજપના ૨૫૦૦૦૦ સભ્યો બની ગયા છે. ૧.૨ મિલિયન સમર્થકો સુધી આંકડો પહોંચી રહ્યો છે. દિન પ્રતિદિન સભ્યોની સંખ્યા વધી રહી છે.

વર્ષ ૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ રાજ્યમાં વસ્તી પૈકી ૨૭ટકા મુસ્લિમ છે. વર્ષ ૨૦૧૧ની વિધાનસભાની ચૂંટણી અને વર્ષ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં તૃણમૂળ કોંગ્રેસે મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી હતી. ભાજપના સભ્યોનો દાવો છે કે સંખ્યા ૩૦ ટકા કરતા વધારે વધી છે. દેશના બાકી રાજ્યોની જેમ ભાજપ સાથે લોકો વધુને વધુ જોડાઇ રહ્યા છે.

ડોલરની સામે રૂપિયો ૬૧.૭૭ની સપાટીએ

મુંબઈ, તા.૪

અમેરિકી ડોલર સામે રૂપિયો આજે કારોબારના અંતે ૬૧.૭૭ની સપાટીએ રહ્યો હતો જે ૨૧મી નવેમ્બર બાદ સૌથી ઉંચી સપાટી રહી છે. ગુરુવારના દિવસે રૂપિયો ૬૧.૯૨ની સપાટીએ રહ્યો હતો જ્યારે બુધવારના દિવસે રૂપિયો ૬૧.૯૦ની સપાટીએ રહ્યો હતો. શુક્રવારના દિવસે ઉથલપાથલનો દોર જોવા મળ્યો હતો. યુરોપિયન સેન્ટ્રલ બેંક (ઈસીબી)ની પોલિસી સમીક્ષા જારી કરવામાં આવે તે પહેલા ડોલર સામે રૂપિયામાં નજીવા ફેરફાર થયા હતા. રૂપિયામાં હજુ ઉથલપાથલ યથાવત રહે તેવી શક્યતા છે. વૈશ્વિક મોનિટરિંગ સ્ટીમ્યુલસ પગલાની શક્યતા પણ દેખાઈ રહી છે. ડોલર ઈન્ડેક્સમાં એકાએક ઉથલપાથલ રહેતા તેને લઈને કારોબારીઓ ગણતરીમાં રહ્યા હતા. અપેક્ષા કરતા વધુ મજબૂત આંકડા રહેતા રૂપિયા સહિત એશિયન ચલણ ઉપર અસર થઈ હતી.

ભારતના પુર્વોત્તર શહેર ભુવનેશ્વર ખાતે ચેમ્પિયન્સ ટ્રોફીના અનાવરણ પ્રસંગે હિરો હોકી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૧૪ની તમામ સ્પર્ધક ટીમોના કપ્તાનોએ પોઝ આપ્યો હતો.

રાજ્યસભામાં મોદી સરકારે માહિતી આપી

૨૯૫ ઈન્ફ્રા પ્રોજેક્ટ અટવાયા છે : ખર્ચ આંક એક લાખ કરોડ

નવી દિલ્હી,તા. ૫

સંસદમાં માહિતી આપવામાં આવી છે કે ૧૫૦ કરોડ અથવા તો વધુના ૨૯૫ ઈન્ફ્રાસ્ટકચર સેક્ટર પ્રોજેક્ટ અટવાયા છે. આ પ્રોજેક્ટ વિલંબમાં મુકાતા ખુલ ખર્ચનો આંકડો વધીને હવે ૧૦૧૪૩૬ કરોડ સુધી પહોંચી ગયો છે. રાજ્યસભામાં એક લેખિત પ્રશ્નના જવાબમાં આયોજન પ્રધાન રાવ ઈન્દ્રજીત સિંહે કહ્યું હતું કે આંકડાકીય મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા ઓગષ્ટ ૨૦૧૪ના નવેસરના અહેવાલ મુજબ ૧૫૦ કરોડથી વધુના સેન્ટ્રલ સેક્ટર ઈન્ફ્રાના ૭૨૦ પ્રોજેક્ટો પૈકી ૨૯૫ પ્રોજેક્ટ અટવાયા છે. તેમાં જુદા જુદા કારણોસર વિલંબ છે. તેમણે કહ્યું હતું કે વિલંબમાં મુકાયેલા ૨૯૫ પ્રોજેક્ટનો મૂળભૂત ખર્ચનો આંકડો ૫૪૮૮૩૮ હતો. જેથી હવે કુલ ખર્ચનો આંકડો ૧૦૧૪૩૬ કરોડ સુધી પહોંચી ગયો છે. તેમણે કહ્યું હતું કે વિલંબમાં મુકાયેલા ૨૯૫ પ્રોજેક્ટ પૈકી ૬૨ પ્રોજેક્ટ એવા છે જેમાં ૧-૧૨ મહિનાનો વિલંબ થયો છે. ૬૬ પ્રોજેક્ટમાં વિલંબ ૧૩-૨૪ મહિનાનો રહ્યો છે. ૯૮ પ્રોજેક્ટમાં વિલંબ ૨૫-૬૦ મહિનાનો રહ્યો છે. જ્યારે ૬૧ પ્રોજેક્ટોમાં વિલંબ ૬૧ મહિનાની આસપાસનોછે. રોડ સેક્ટરના વિલંબમાં મુકાયેલા પ્રોજેક્ટની સંખ્યા સૌથી વધુ ૯૨ છે. જેમાં ખર્ચનો આંકડો ૧૯૭૫ કરોડ સુધી પહોંચી ગયો છે. રેલવે સેક્ટરમાં વિલંબમાં રહેલા પ્રોજેક્ટ ૩૨ છે. જેથી ખર્ચનો આંકડો ૪૬૭૬૬ કરોડ સુધી પહોંચી ગઈ છે. પેટ્રોલિયમ સેક્ટરમાં ૪૩ પ્રોજેક્ટ અટવાયા છે. જેથી ખર્ચનો આંકડો ૧૬૩૨૦ કરોડ સુધી પહોંચી ગયો છે. કોલ સેક્ટરમાં ૩૪ પ્રોજેક્ટ વિલંબમાં છે. જેથી જેથી ખર્ચનો આંકડો ૧૦૨૪૨ કરોડ થયો થયોછે. એટોમિક એનર્જી સેક્ટરમાં ચાર પ્રોજેક્ટ વિલંબમાં છે. જેના કારણે હવે ખર્ચ વધી ગયો છે. સ્ટીલ સેક્ટરમાં પણ વિલંબમાં રહેલા પ્રોજેક્ટની સંખ્યા ૧૬ જેટલી છે. જુદા જુદા સેક્ટરમાં સરકારે ટાર્ગેટ રાખ્યા હોવા છતાં ખુબ ઓછુ કામ થઈ શક્યું છે. અટવાયેલા પ્રોજેક્ટને અમલી બનાવવા માટે અનેક પગલા લીધા છે છતાં વિલંબની સ્થિતી છે.

બાબરી મસ્જિદ ધ્વંસની આજે ૨૨મી વરસી : મજબુત સુરક્ષા

અયોધ્યા,તા. ૫

બાબરી મસ્જિદ ધ્વંસની આવતીકાલે ૨૨મી વરસીને લઈને દેશભરમાં સઘન સુરક્ષા રાખવામાં આવી છે. કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા છે. છઠ્ઠી ડિસેમ્બર ૧૯૯૨ના દિવસે બાબરી મસ્જિદને ઝંનુની ટોળાએ ધ્વસ કરી નાંખી હતી. ત્યારબાદ તેના ઘેરા પ્રત્યાઘાત રૂપે દેશના તમામ મોટા શહેરોમાં કોમી હિંસા ભડકી ઉઠી હતી. જેમા ૨૦૦૦થી પણ વધુ લોકો માર્યા ગયા હતા. બાબરી મસ્જિદના ધ્વસ બાદ દર વર્ષે તેની વરસી રહે છે ત્યારે સાવચેતીના તમામ પગલા લેવામાં આવેછે. સઘન સુરક્ષા રાખવામાં આવે છે. ખાસ કરીને આયોધ્યાને છાવણીમાં ફેરવી દેવામા આવે છે. ઉત્તરપ્રદેશના ફેઝાબાદ જિલ્લાના અયોધ્યા શહેરમાં મસ્જિદ હતી. એ વખતે એક રાજકીય રેલી તોફાનમાં ફેરવાઇ ગઇ હતી. આ રાજકીય રેલીમાં આશરે ૧૫૦૦૦૦ લોકો હતા.જેમાં વિહીપ, સંઘ અને બાજપના નેતાઓ હતા. રેલીને લાલકૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોશી, ઉમા ભારતીએ સંબોધન કર્યું હતુ.

રેલીના પ્રથમ થોડાક કલાક દરમિયાન તંગ સ્થિતી રહી હતી. દેખાવો જારી રહ્યા હતા. રેલીના આયોજકો મસ્જિદને કોઇ નુકસાન નહી કરવાની ખાતરી આપી હતી પરંતુ ત્યારબાદમોટી સંખ્યામાં રહેલા હિન્દુ કારસેવકોએ મસ્જિદને તોડી પાડી હતી. રાજકીય ઐતિહાસિક અને સામાજિક ધાર્મિક ચર્ચા બાબરી મસ્જિદના ઈતિહાસ અને સ્થળને લઈને રહી છે. દેશભરમાં મસ્જિદને તોડી પડાયા બાદ કોમી હિંસા શરૂ થઈ હતી. બાબરી ધ્વંસનો બદલો લેવા માટે ત્યારબાદથી હજુ સુધી અનેક ત્રાસવાદી હુમલા કરવામાં આવી ચુક્યા છે. આ બનાવ બાદ બાંગલાદેશ અને પાકિસ્તાનમાં અનેક હિન્દુ ધાર્મિક સ્થળ પર હુમલા કરવામાં આવ્યા હતા. ખુબ મોટી સંખ્યામાં લોકોએ સમગ્ર મસ્જિદને કલાકોના ગાળામાં જ તોડી પાડી હતી. શહેરમાં અનેક અન્ય મસ્જિદોને પણ તોડી પાડી હતી.

નવી દિલ્હીમાં સંસદભવન બહાર યોજાયેલા એક વિરોધ પ્રદર્શન દરમિયાન કોંગ્રેસ ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ તેમના ચહેરાને કાળા પટ્ટાથી ઢાંકયો હતો.

સમાચાર ઝલક

- છત્તીસગઢમાં શહીદોનો ગણવેશ તથા પગરખા કચરાપેટીમાંથી મળી આવ્યા. ઉગ્ર રોષ.
- ગુજરાતમાં પુરવઠા ખાતાનું સર્વર ખોટવાતાં રેશનીંગ દુકાનોએ લાગી લાંબી કતારો.
- ઓરકલે આઈ.આઈ.ટી.ના વિદ્યાર્થીને સૌથી વધારે ૧.૮૩ કરોડનું પેકેજ.
- શ્રીલંકાના ક્રિકેટર કમાર સંગકારાએ વન ડે ક્રિકેટમાં ૧૩૦૦૦ રન કરી રચ્યો ઈતિહાસ.
- શેરબજારના બ્રોકરો-દલાલોના રાજ્યમાં ૪૧ સ્થળોએ આવકવેરાના દરોડાઓ.
- બાંધકામ ક્ષેત્રે એફ.ડી.આઈ.ના નિયમો વધુ હળવા કરાયા.
- ગુજરાત યુનિ.ના પુર્વ કુલપતિ શ્રી પરિમલ ત્રિવેદીને કલીનચીટ.
- ફેબ્રુઆરીથી રિલાયન્સનાં ૭૦૦ પેટ્રોલ પંપ ફરી ધમધમશે.
- શિયાળામાં ઓછું પાણી પીવાથી ડીહાઈડ્રેશન થઈ શકે - તબીબોએ કરેલો દાવો.
- ૧૭ વર્ષ બાદ જયા બચ્ચન અને સોનિયા ગાંધીએ સંસદની પરિસરમાં એકબીજાને હાથ મિલાવ્યા.
- 'બાલાજી' નાસ્તાના પેકેટમાંથી ૪૦૦૦ કરોડની કંપની બની.